# ગુરુરાજ કહો પાંડુપુત્ર કેવા હશે?

ગુરુરાજ કહો પાંડુપુત્ર કેવા હશે?

કેવા હશે? શું કરતાં હશે? ગુરુરાજ કહો..

ત્યાગી જીવન જે, અકંપ જીવન જે..

કેવળ પ્રગટાવનાર કેવા હશે? ગુરુરાજ કહો..

ભીમ અર્જુન ને યુધિષ્ઠિર એ..

સહદેવ-નકુળ એ કેવા હશે? ગુરુરાજ કહો..

બાંધવ પાંચે મુનિ-કુળ સમસ્ત એ..

સિદ્ધિના સાધનાર કેવા હશે? ગુરુરાજ કહો..

ત્રિલોકીનાથ તીર્થંકરદેવના.. (દેવાધીદેવ નેમિનાથ પ્રભુના)

ચરણોમાં રહેનાર કેવા હશે? ગુરુરાજ કહો..

કૃષ્ણ બલભદ્રનો સાથ છોડીને..

ગીરી કન્દરમાં વસનાર કેવા હશે? ગુરુરાજ કહો..

ઉપસર્ગ કરી કહો સહન કરીને..

કેવળ લક્ષ્મીને વરનાર કેવા હશે? ગુરુરાજ કહો..

ત્યાગી જીવન કેરી બંસરી બજાવનાર..

(સાર આતમ કેરી બંસરી બજાવનાર..)

હૈયા ડોલાવનાર કેવા હશે? ગુરુરાજ કહો..

આત્મા નિહાળનાર, શાસન શોભાવનાર..

આત્માને ધ્યાનાર કેવા હશે? ગુરુરાજ કહો..

કેવા હશે? શું કરતાં હશે? ગુરુરાજ કહો..

કેવા હશે? ક્યાં રહેતાં હશે? ગુરુરાજ કહો..

પરાક્રમી મુનિ એ કેવા હશે? ગુરુરાજ કહો..

ધ્યાની મુનિ એ કેવા હશે? ગુરુરાજ કહો..

* * *